જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૧/૨૦૧૯ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં
આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-    સમાચાર યાદી નં.૦૧/૧૯

# ૩૧ ફસ્ટના તહેવારમાં જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રી એ.કે.સિંઘ. સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ"ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સાહેબના સા.નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા નાઓએ આગામી ૩૧ ફસ્ટના તહેવાર અનુસંધાને પ્રોહીબીશન તેમજ જુગાર કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઈન્સ એસ.જે.ચૌહાણ હે.કો જીતેન્દ્રસિંહ હઠીસિંહ બનં-૭૯૭૦ તથા પો.કો ત્રીપાલસિંહ રઘુવીરસિંહ બનં-૪૭૯૯ તથા પો.કો સંદિપકુમાર જયંતીલાલ બનં-૧૦૧૬૩ તથા પો.કો ધ્રુવરાજસિંહ અશોકસિંહ બનં-૮૭૯૨ નાઓ સાથે ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના <u>પો.કો ધ્રુવરાજસિંહ અશોકસિંહ બનં-૮૭૯૨</u> નાઓની સચોટ બાતમી આધારે " ઓઢવ સીંગરવા બીલેશ્વર એસ્ટેટ શેડ નં-એ/૩૬ ની સામે જાહેરમાં ગોળકુંડાળુ વળી પૈસા પાનાથી હાર-જીતનો જુગાર રમી રમાડતા આરોપીઓ નિતીનકુમાર નાથાલાલ પટેલ ઉવ.૪૬ રહે,મનં- બી/૧૩ ત્રીદેવપાર્ક સોસાયટી મહાદેવનગર ટેકરો વસ્ત્રાલ રામોલ અમદાવાદ શહેર + ૪ =૦૫ નાઓને તા.૩૧.૧૨.૧૮ ના કલાક.૨૧.૦૫ વાગે મળી આવતા તમામ આરોપીઓની અંગજડતી માંથી મળી રોકડા નાણા રૂપીયા રૂ.૨૮,૪૦૦/- તથા દાવાના નાણા રોકડ રૂ.૪૧,૬૦૦/- તથા ગંજી પાના નગ ૫૨ કીમત રૂ.૦૦/૦૦ કુલ્લે મુદ્દામાલ કિ.રૂ.૭૦,૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવી પકડાઇ ગયેલ તેઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢેલ છે. તા.૩૧.૧૨.૨૦૧૮

## કોપરની પટ્ટીઓની ચોરી કરનાર આરોપીને પકડી પાડતી નરોડા પોલીસ

નરોડા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૪૦૧/૨૦૧૮ ઇ.પી.કો કલમ ૩૮૧,૪૧૧,૧૧૪ મુજબના ગુન્હાના કામે ફરીયાદીશ્રી નરેશભાઇ જીવણભાઇ ચાવડા ઉ.વ-૩૪ રહે ૨૦૧,બીજો માળ દ્વારકેશ ફ્લેટ,કબાડી ન-૨ ની સામે,ભુલાભાઇ પાર્ક,બહેરામપુરા,અમદાવાદ નાઓની નરોડા કરાઇ બ્રીજ પાસે આવેલ લુબી ઇલેક્ટ્રોનીક્સ નામની કંપનીમાથી તેમની કંપનીમા સીક્યુરીટી ગાર્ડ તરીકે નોકરી કરતા વિનયભાઇ નાનજીભાઇ પંચાલ નાએ તેમની કંપનીમાથી અંદાજે ૨૪ કીલો જેટલી કોપરની પટ્ટીઓ કી રૂ ૧૦,૮૦૦/- ની મત્તાની ચોરી કરેલ હોય સદરી આરોપી વિનયભાઇ નાનજીભાઇ પંચાલ રહે મ.નં-૧૮૩ નોબલનગર ટેનામેન્ટ,પ્રાર્થના વિધ્યાલયની સામે, નોબલનગર ,અમદાવાદ નાને ઉપરોક્ત ગુન્હાના કામે પકડી અટક કરેલ છે.તથા આ સિવાય અન્ય સહ આરોપીઓ તેમજ ચોરી કરેલ મુદ્દામાલ સબંધે તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.